# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

Ref No. PN 2024-25/052 Dt. 08/08/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## SGCCI દ્વારા ક્વિસ્ટ ફોર ક્વોલિટીઃ ક્વોલિટી એજ્યુકેશન વિષય પર સેમિનાર યોજાયો

**ભારતની શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન આવી રહયું છે, જેમાં ક્રિટિકલ થિન્કીંગ, ક્રિએટીવિટી અને હોલિસ્ટીક ડેવલપમેન્ટ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે : ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા**

**માતા–પિતાની સાથે જ શાળાઓએ મને કેટલું મળ્યું છે? તે નહીં પણ મેં દેશને શું આપ્યું છે અને શું આપવું જોઈએ? તે બાળકોને શીખવાડવાની જરૂર છે : સુમન હાઈસ્કૂલ નં. ૦૪ના પ્રિન્સીપલ ડો. સુરેશ અવૈયા**

**શિક્ષણ કરતાં કેળવણી પર વધુ ભાર આપવાની જરૂર છે, જ્યાં સુધી પરીઓની કથા આવતી હતી, ત્યાર સુધી કેળવણી હતી પણ પરિપત્ર આવ્યા બાદ કેળવણીની જગ્યા એજ્યુકેશને લીધી છે : શ્રી દીપક રાજ્યગુરૂ**

**સમાજમાં નાની–નાની સંસ્થાઓ અને ઔદ્યોગિક સંસ્થાઓએ સાથે મળીને દેશના બાળકો કૌશલ્યવાન બને તે દિશામાં કાર્ય કરવાની જરૂર છે, બાળકોની સાથે જ શિક્ષકોએ પણ સજ્જતા કેળવવી જોઈએ : શ્રી કમલેશ યાજ્ઞિક**

**સુરતઃ** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૦૭ ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે, સંહતિ, સરસાણા, સુરત ખાતે ક્વિસ્ટ ફોર ક્વોલિટીઃ ક્વોલિટી એજ્યુકેશન વિષય પર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુમન હાઈસ્કૂલ નં. ૦૪ના પ્રિન્સિપલ શ્રી ડો. સુરેશ અવૈયા, વાયબ્રન્ટ ગ્રુપ ઓફ સ્કૂલ્સના ચેરમેન શ્રી ડો. દીપક રાજ્યગુરુ તથા ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પૂર્વ પ્રમુખ, સાર્વજનિક એજ્યુકેશન ટ્રસ્ટના પૂર્વ ચેરમેન તેમજ SRK નોલેજ ફાઉન્ડેશનના પ્રમુખ શ્રી કમલેશ યાજ્ઞિકે વર્તમાન શિક્ષણ વ્યવસ્થા અને ગુણવત્તાસભર શિક્ષણ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

SGCCIના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સેમિનારમાં સર્વેને આવકાર્યા હતા અને સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, ભારતમાં પ્રાચીન યુગથી કવોલિટી એજ્યુકેશન આપવામાં આવી રહ્યું છે. ભારતમાં પાંચમી સદીમાં સ્થપાયેલી નાલંદા યુનિવર્સિટી વિશ્વની સૌથી જૂની યુનિવર્સિટીઓમાંની એક છે. ભારતમાં વિશ્વની સૌથી મોટી શિક્ષણ પ્રણાલી છે, જેમાં દોઢ મિલિયનથી વધુ શાળાઓ અને ૨૬૦ મિલિયનથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે. ભારતમાં વર્તમાન સાક્ષરતા દર લગભગ ૭૭.૭ ટકા છે. ભારતની શૈક્ષણિક પ્રણાલીમાં વિશાળ ભાષાકીય વિવિધતાનો સમાવેશ થાય છે. હાલમાં ભારતની શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે, જેમાં ક્રિટિકલ થિન્કીંગ, ક્રિએટીવિટી અને હોલિસ્ટીક ડેવલપમેન્ટ પર ભાર મૂકવામાં આવી રહ્યો છે.

શ્રી ડો. સુરેશ અવૈયાએ આનંદ વગરની કેળવણીનું કોઈ મહત્વ નથી તેમ જણાવતાં કહ્યું હતું કે, જ્યારે બાળકમાં શીખવાની ભૂખ નિર્માણ થાય, ત્યારે તે અવશ્ય શિક્ષણમાં અગ્રેસર બને છે. હાલમાં બાળકોને શિક્ષણની સાથે જ નૈતિક મૂલ્યો શીખવવાની જરૂર છે, જે આજૂબાજૂના વાતાવરણમાંથી રમત–ગમતમાંથી તે શીખે છે. પહેલાં શિક્ષણના ભાગ ન હતા, પરંતુ હાલમાં નાણાંકીય સ્થિતિ પ્રમાણે બાળકને શાળામાં પ્રવેશ આપવાનું ચલણ વધ્યું છે, જેના અનેક પરિણામો સમાજ પર જોવા મળી રહ્યા છે. સામાન્ય રીતે માતા–પિતા, કુટુંબ, સમાજ અને આજુબાજુના વાતાવરણમાંથી વ્યક્તિનો વિકાસ થાય છે. માતા–પિતાની સાથે જ શાળાઓએ મને કેટલું મળ્યું છે? તે નહીં પણ મેં દેશને શું આપ્યું છે અને શું આપવું જોઈએ? તે બાળકોને શીખવાડવાની જરૂર છે.

શ્રી ડો. દીપક રાજ્યગુરુએ જણાવ્યું હતું કે, બાળકોની જડતાને કેવી રીતે દૂર કરી શકાય? બાળકને નિશાળે કેમ નથી આવવું? તે અંગે શિક્ષકોએ જાણવું જોઈએ અને તે દિશામાં યોગ્ય પગલાં લેવા જોઈએ. બાળકોને પાંચ વર્ષ સુધી માતૃભાષામાં જ ભણાવવું વધુ હિતાવહ છે. શિક્ષણ કરતાં કેળવણી પર વધુ ભાર આપવાની જરૂર છે. તેમણે વધુમાં કહ્યું કે, જ્યાં સુધી પરીઓની કથા આવતી હતી, ત્યાર સુધી કેળવણી હતી. પરિપત્ર આવ્યા બાદ કેળવણીની જગ્યા એજ્યુકેશને લીધી છે.

શ્રી કમલેશ યાજ્ઞિકે જણાવ્યું હતું કે, 'સ્કૂલમાં બોર્ડ ઉપર જે લખે છે, એ જ માત્ર શિક્ષક નથી. શિક્ષકના વિવિધ રૂપો હોઈ શકે છે. સમાજમાં નાની–નાની સંસ્થાઓ અને ઔદ્યોગિક સંસ્થાઓએ સાથે મળીને દેશના બાળકો કૌશલ્યવાન બને તે દિશામાં કાર્ય કરવાની જરૂર છે. બાળકોની સાથે જ શિક્ષકોએ પણ સજ્જતા કેળવવી જોઈએ. ગત એક દશકમાં બાળકોની સાથે તમામ લોકોમાં વાંચવાનું પ્રમાણ ઓછું થયું છે, જેના કારણે વિચારોનું રૂંધણ થયું છે. આપણે બાળકોને ગુણોની રેસમાં પ્રથમ લાવવા કરતાં જીવનના નૈતિક મૂલ્યોમાં, કૌશલ્ય ધરાવતાં ક્ષેત્રોમાં અગ્રેસર બનાવવું જોઈએ. આપણે બાળકોને ડિસ્કીલીંગ, રિસ્કીલીંગ અને અપસ્કીલીંગનો માર્ગ બતાવવાનો છે.'

SGCCIના ઉપ પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા, શૈક્ષણિક સંસ્થાઓના માંધાતાઓ, વિદ્યાર્થીઓ અને વિવિધ ઈન્ડસ્ટ્રી સાથે સંકળાયેલા યુવા ઉદ્યોગ સાહસિકો કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરના માનદ્ ખજાનચી શ્રી મૃણાલ શુકલએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી. SGCCI એજ્યુકેશન એન્ડ સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટરના ચેરમેન શ્રી મહેશ પમનાનીએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

ચેમ્બરની એજ્યુકેશન એન્ડ એકેડેમિક કમિટીના એડવાઈઝર શ્રી અજિત શાહ, કમિટીના સભ્ય સુશ્રી સ્નેહાબેન જરીવાલા અને બચકાનીવાલા સ્કૂલના એજ્યુકેશન ડાયરેકટર શ્રીમતી રીટાબેન ફૂલવાલા દ્વારા વકતાઓનો પરિચય આપવામાં આવ્યો હતો. ત્રણેય વકતાશ્રીઓએ સેમિનારમાં ઉપસ્થિતોના પ્રશ્નોના સંતોષકારક જવાબો આપ્યા હતા. ચેમ્બરની યુથ વિંગ કમિટીના કો–ચેરમેન ડો. વિજય રાદડિયાએ ઉપસ્થિત સર્વેનો આભાર માની કાર્યક્રમનું સમાપન કર્યું હતું.